# સ્વદેશપ્રેમી બાળક નિકોલસ

**– સાંકળચંદ પટેલ**

જર્મનીએ દુનિયાના કેટલાક મોટા મોટા દેશો પર હુમલો કર્યો હતો. જર્મન સેના આંધીની જેમ આગળ વધીને એક પછી એક દેશ જીતી રહી હતી, કોઈ દેશ જર્મની સામે ટક્કર લઈ શકતો ન હતો. બધા દેશો હારી રહ્યા હતા.

જર્મનીએ રશિયા પર પણ હુમલો કર્યો હતો. રશિયામાં સરમોશન નામનું એક ગામ છે. જર્મનોએ એક રાતમાં એ ગામ પર કબજો મેળવી લીધો હતો. બધાં ઘર સળગાવી દીધાં હતાં, ખેતરો ઉજ્જડ કરી દીધાં હતાં અને ગામમાં અનેક સ્ત્રીઓ, પુરુષો તથા બાળકોને મારી નાખ્યાં હતાં. બચી ગયાં હતાં તેઓ જંગલમાં જઈને સંતાઈ ગયાં હતાં.

આમાં ચૌદ વર્ષનો એક છોકરો પણ હતો. તેનું નામ હતું નિકોલસ. તે બહાદુર હતો અને ઘણો ચબરાક પણ હતો. જર્મન ફોજે તેનું ઘર પણ સળગાવી દીધું હતું. અને તેનાં મા–બાપ તથા ભાઈ બહેનોને મારી નાખ્યાં હતાં. તેના ઘરમાં તે એકલો જ બચી ગયો હતો.

સરમોશન ગામના લોકો બહાદુર હતા. તેઓ પોતાના દેશને, ગામને અને માતૃભૂમિને ખૂબ જ ચાહતા હતા. તેમનાં ઘર ઊજડી ગયાં હતાં, પણ તેમણે જર્મનોની શરણાગતિ સ્વીકારી નહોતી. તક શોધીને તેઓ જર્મન સેના પર હુમલાઓ કરતા હતા અને તેમનાં હથિયારો તથા ભોજન સામગ્રી ઉઠાવી જતા હતા. અચાનક થતા હુમલાઓથી ઘણા જર્મન સૈનિકો માર્યા જતા હતા.

જર્મન સેનાWયક્ષે જંગલમાં છુપાઈ રહેલા ગામલોકોનો સફાયો કરવા માટે ત્રીસ ચુનંદા સૈનિકોની એક ટુકડી મોકલી.

ગામ લોકોને એની ખબર પડતાં તેઓ મૂંઝાવા લાગ્યા. સૈન્યનો ભેદ જાણવાનો તેમની પાસે કોઈ રસ્તો નહોતો. ટુકડીમાં કેટલા સૈનિકો છે ? તેમની પાસે કેટલાં શસ્ત્રો છે ? તેમની યોજના શી છે ? આ બધું જાણ્યા વગર ગામલોકો તેમનો સામનો શી રીતે કરી શકે ?

બહાદુર નિકોલસે કહ્યું : ''સેનાની ટુકડીનો ભેદ હું લાવી આપીશ !''

બધાએ ઉત્સુકતાથી પૂછ્યું : 'નિકોલસ, તું છાવણીમાં કેવી રીતે જઈશ ? અને અમને એનો ભેદ કેવી રીતે જણાવીશ ?''

બાળક નિકોલસે દૃઢતાથી કહ્યું : ''જર્મન છાવણીમાં હું કેવી રીતે જઈશ એની તો મને પણ ખબર નથી, પરંતુ હું જઈશ જરૂર ! અને હું જીવતો રહીશ તો ત્યાંનો ભેદ જાણીને પાછો પણ આવીશ. અને જો હું પકડાઈ જઈશ તો સંકેત દ્વારા ત્યાંનો બધો ભેદ તમને જણાવી દઈશ.''

મુખીએ પૂછ્યું : ''તારા સંકેતની અમને કેવી રીતે ખબર પડશે ?

નિકોલસે કહ્યું : ''મને કોયલ અને બુલબુલના અવાજની નકલ કરતાં આવડે છે. જર્મન ટુકડીમાં જેટલા સૈનિકો હશે એટલી વાર હું કોયલની બોલી બોલીશ, અને તેમની પાસે જેટલાં ભારે શસ્ત્રો હશે એટલી વખત બુલબુલની બોલી બોલીશ. એ સંકેતથી તમને બધો ભેદ સમજાઈ જશે.'' મુખીએ બીજો પ્રશ્ન પૂછ્યો : ''પરંતુ જર્મન ટુકડી પર અમારે હુમલો કરવો કે નહિ કરવો, એની અમને શી રીતે જાણ થશે.''

ચતુર નિકોલસે સમજાવ્યું : ''જો જર્મન ટુકડી આપણા કરતાં કમજોર હશે અને અસાવધ હશે, તો હું પહેલાં ત્રણ વાર કોયલની બોલી બોલીશ અને પછી ત્રણ વાર બુલબુલની બોલી બોલીશ. મારો આ સંકેત મળતાં જ તરત તમે દુશ્મન ટુકડી પર હુમલો કરી દેજો.''

બધાને નિકોલસની વાત ગમી ગઈ.

એ પછી નિકોલસ બધાંની વિદાય લઈને લપાતો છુપાતો જર્મન છાવણી તરફ ચાલવા લાગ્યો. અંધારી રાત અને ઘનઘોર જંગલમાં તે ચાલતો રહ્યો. વહેલી સવારે તે જર્મન ટુકડીના તંબુ પાસે પહોંચી ગયો. દૂરથી તેણે તંબૂ જોયો. તંબુની બહાર એક બે સૈનિકો પહેરો ભરી રહ્યા હતા. તે નજીકના એક ખાડામાં સંતાઈ ગયો. અંધારામાં કોઈએ તેને જોયો ન હતો.

થોડી વાર પછી તંબુની બહાર સૈનિકોની હલચલ થવા લાગી. એ જોઈને નિકોલસના મનમાં એક યુક્તિ સૂઝી. તેણે ધીરે ધીરે બુલબુલના અવાજની નકલ કરવા માંડી : ''પિક...પિક...પેરો...! પિક .... પિક.....પેરો......!''



સૈનિકોના કપ્તાને બુલબુલનો અવાજ સાંભળ્યો. તેણે બે સૈનિકોને હુકમ કર્યો : ''જાઓ, અવાજ ક્યાંથી આવે છે, એ શોધી લાવો !''

સૈનિકો બુલબુલને શોધવા માટે વૃક્ષ પર અને ઝાડીઓમાં નજર કરતાં કરતાં આગળ વધ્યા. ત્યાં તો નિકોલસે ફરીથી બુલબુલના અવાજની નકલ કરી : પિક.....પેરો.....!

સૈનિકો નિકોલસને જોઈ ગયા. તેઓ બંદૂકો તાકીને નિકોલસની પાસે ગયા. નિકોલસે લાકડાની સિસોટી પોતાના હાથમાં સંતાડી દીધી. સૈનિકો એ જોઈ ગયા. તેમણે પૂછ્યું : ''તારા હાથમાં શું છે ?''
''લાકડાની સિસોટી છે !''

''એ તું જ વગાડતો હતો ને ?'' સૈનિકોએ પૂછ્યું.

પણ નિકોલસ ચૂપ રહ્યો, એટલે સૈનિકો તેને પકડીને પોતાના કપ્તાન પાસે લઈ ગયા : ‘સર, આ છોકરો જ બુલબુલની નકલ કરતો હતો. એના હાથમાં સિસોટી છે.’’

જર્મન કપ્તાને પૂછ્યું : ‘‘છોકરા, તારા હાથમાં શું છે, બતાવ તો ? ’’

નિકોલસે પોતાનો એક હાથ પીઠ પાછળ સંતાડી રાખ્યો હતો. તે આગળ લાવીને તેણે કપ્તાનને સિસોટી બતાવી.

કપ્તાને પૂછ્યું : ‘‘તું આ સિસોટી વડે બુલબુલનો અવાજ કાઢી રહ્યો હતો ?’’

નિકોલસે ગભરાવવાનો અભિનય કરીને કહ્યું : ‘‘હા સાહેબ.....! આ સિસોટીથી મને કોયલનો અવાજ કાઢતાં પણ આવડે છે!....’’

‘‘અચ્છા ! તો તું અમને એ બંને અવાજો કાઢી બતાવ. જો તું બુલબુલ અને કોયલના અવાજો બોલી નહિ શકે તો હું તને મોતની સજા કરીશ’’ કપ્તાને ધમકી આપી.

કપ્તાનની સાથે વાતચીત કરતાં–કરતાં તેણે જર્મન સૈનિકોની સંખ્યા ગણી લીધી હતી અને શસ્ત્રોની ગણતરી પણ કરી લીધી હતી. તેણે મોટે અવાજે ત્રીસ વાર કોયલના અવાજની નકલ કરી અને પાંચ વાર બુલબુલના અવાજની નકલ કરી.

આટલો નાનો છોકરો કોયલ તથા બુલબુલના અવાજની આવી સરસ નકલ કરી શકતો હતો, એ સાંભળીને કપ્તાન તથા સૈનિકો બહુ જ ખુશ થઈ ગયા. નિકોલસે પણ ખૂબીપૂર્વક પોતાનું કામ કાઢી લીધું હતું. તેણે જર્મન ટુકડીનો ભેદ સહેલાઈથી પોતાના સાથીદારોને પહોંચાડી દીધો હતો.

જર્મન કપ્તાન ખૂબ જ ચાલાક હતો. તે નિકોલસ પાસેથી જંગલનો રસ્તો તથા છુપાયેલા ગામના લોકોનું ઠેકાણું જાણવા ઈચ્છતો હતો. તેથી તે નિકોલસ સાથે મીઠી–મીઠી વાતો કરવા લાગ્યો. પછી તેણે પૂછ્યું : ‘‘ ઓ બહાદુર છોકરા, તું આ જંગલમાંથી પસાર થવાના રસ્તા જાણે છે?’’

નિકોલસે પણ ભોળા બનીને કહ્યું : ''હા સાહેબ, પહેલાં હું મારા દાદાની સાથે નદી કિનારે માછલીઓ પકડવા માટે જતો હતો, ત્યારે જંગલના બધા રસ્તા મેં જોઈ લીધા હતા.''

કપ્તાને ખિસ્સામાંથી માઉથ–ઓર્ગન કાઢીને નિકોલસને આપ્યું અને કહ્યું : ''ચાલ, ત્યારે અમને જંગલમાં થઈને નદીએ પહોંચવાનો રસ્તો બતાવ !''

''ચાલો સાહેબ, મારી પાછળ પાછળ આવો, હું તમને નદીએ પહોંચવાનો સીધો રસ્તો બતાવી દઉં!'' કહીને નિકોલસ આગળ ચાલવા લાગ્યો.

તેની પાછળ જર્મન કપ્તાન અને તેના ત્રીસ સૈનિકો આવવા લાગ્યા. નિકોલસ અને જર્મન કપ્તાન બેઉ પોતપોતાની યોજનામાં મુસ્તાક થઈને આગળ વધી રહ્યા હતા.

સરમોશન ગામની આસપાસનાં જંગલો ખૂબ ગાઢ હતાં. તેમાંથી પસાર થતાં રસ્તા કોઈ જગાએ વિશાળ હતા તો કોઈ જગાએ એકદમ સાંકડા હતા. કેટલીક જગાએ તો એક માણસની પાછળ એક જ જણ ચાલી શકે એવા સાંકડા રસ્તા પણ હતા. આવા સાંકડા રસ્તાઓની આજુબાજુ સંતાઈ રહીને ગામના લોકો જર્મન સૈનિકો પર હુમલો કરતા હતા. નિકોલસ આવા સાંકડા રસ્તા તરફ, જ્યાં એના ગામના લોકો છુપાઈને મોકાની રાહ જોઈ રહ્યા હતા, એ જગાએ જ જર્મન સૈનિકોને દોરીને લઈ જઈ રહ્યો હતો.

એ જગા આવી ગઈ એટલે નિકેલસ ધીરેધીરે પોતાની ધૂન વગાડવા લાગ્યો. પછી તેણે પહેલાં ત્રણ વાર કોયલની બોલીની નકલ કરી અને પછી ત્રણ વાર બુલબુલની બોલીની નકલ કરી અને પછી તે ગાઢ જંગલમાં અદૃશ્ય થઈ ગયો.

ગામના બહાદુર દેશભક્તો નિકોલસનો સંકેત મળતાં જ, જર્મન સૈનિકોની આસપાસ ઘેરો ઘાલીને તેમની ઉપર તૂટી પડયા. ચારે બાજુએથી ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો.

જર્મન સૈનિકો કાંઈ વિચારે અને સાવધ થાય એ પહેલાં તો તેઓ એક પછી એક ઘાયલ થઈને નીચે ઢળી પડવા લાગ્યા. ક્ષણ વારમાં આખી જર્મન ટુકડીનો ખાતમો બોલી ગયો. એક પણ જર્મન

સૈનિક જીવતો રહ્યો ન હતો. પછી તરત જ જર્મન સૈન્યનાં શસ્ત્રો લઈને ગામના માતૃભક્તો જંગલની ઓટમાં અલોપ થઈ ગયા.

નિકોલસની ધીરતા, ચતુરતા અને સાહસિકતાની વાત તરત જ આખા રશિયામાં ફેલાઈ ગઈ. બધાએ તેનાં ખૂબ ખૂબ વખાણ કર્યાં, અને કહ્યું : ''વાહ, બહાદુર નિકોલસ !''

જે દેશમાં નિકોલસ જેવા બહાદુરો અને દેશભક્તો હોય છે, એ દેશને મોટામાં મોટા દુશ્મનો પણ ગુલામ બનાવી શક્તા નથી.

■